# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date :02-05-2026** **Midday : 2.30 to 2.35pm**

**Day : SATURDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હેમાંગીની સોનારા** વાંચે છે.

---

(સમાચારને અંતે)

**આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતા. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

-----------------------------------------------------------------

**આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)**

**(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)**

**(CLOSING MUSIC)**

# ARJUN MODHWADIA VIBRANT GUJARAT SURAT

રાજ્યના પર્યાવરણ મંત્રી અર્જુન મોઢવાડિયાએ આવનાર ભવિષ્ય માટે ટકાઉ ઔદ્યોગિક વિકાસ પર ભાર મૂક્યો છે.

સુરતની ઓરા યુનિવર્સિટી ખાતે વાયબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક પરિષદમાં ગુજરાત સર્ક્યુલર ઈકોનોમી એટલે કે ચક્રાકાર અર્થતંત્ર પરના એક ચર્ચા સત્રને સંબોધતા શ્રી મોઢવાડિયાએ જણાવ્યું કે, વર્ષ 2050 સુધીમાં દેશમાં સર્ક્યુલર ઇકોનોમીનો વ્યાપ 2 ટ્રિલિયન ડોલર સુધી વધવાનો છે અને આ ક્ષેત્રે વ્યાપક તકો છે.

શ્રી મોઢવાડિયાએ ઉદ્યોગોને આ તકોનો લાભ લઈ પર્યાવરણને અનુલક્ષીને વિકાસ મોડલ બનાવવા અનુરોધ કર્યો છે.

## (BYTE : ARJUN MODHWADIA)

અત્રે ઉલ્લેખનીય છે ચક્રાકાર અર્થતંત્ર એ ઉત્પાદન અને વપરાશનું એવું મોડેલ છે, જેમાં સંસાધનોને શક્ય તેટલા લાંબા સમય સુધી વાપરીને, રિપેર કરીને, પુનઃઉપયોગ કરીને અને રિસાયકલ કરીને કચરો ન્યૂનતમ કરવામાં આવે છે.

# FAKE MEDICINE RAID

રાજ્યના ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા અમદાવાદની ફાર્મા પેઢીઓ પરના દરોડામાં અંદાજે એક કરોડ 21 લાખ રૂપિયાનો શંકાસ્પદ દવાનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે. આ ઉપરાંત વડોદરા, સાવલી અને ભરૂચ જેવા સ્થળોએ ફાર્મા પેઢીઓ પર દરોડા પાડીને શંકાસ્પદ દવાનો જથ્થો જપ્ત કરીને કાર્યવાહી કરવામાં આવી છે, તેમ આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનસેરીયાએ કહ્યું હતું.

શ્રી પાનસેરીયાએ જણાવ્યું છે કે, "રાજ્ય સરકાર નાગરિકોના આરોગ્ય સાથે કોઈ પણ પ્રકારનું સમાધાન કરશે નહીં. તેમણે ખોરાક અને ઔષધ નિયમન તંત્રના ઉચ્ચ અધિકારીઓ સાથે ગાંધીનગર ખાતે બેઠક યોજીને નકલી દવાઓનું ખરીદ-વેચાણ કરતી પેઢીઓ સામે કડક પગલાં લેવા સૂચના આપી હતી.

# ANALOG PANEER CAMPAIGN

રાજ્યનાં ખોરાક અને ઔષધ નિયમન તંત્રએ પનીરના નામે એનાલોગ ડેરી ઉત્પાદનો વેચીને થતી છેતરપિંડી રોકવા માટે હાથ ધરેલી ઝૂંબેશ અંતર્ગત ઉત્પાદન એકમો, રેસ્ટોરન્ટ, ઢાબા અને હોકર્સ સહિત કુલ 4 હજાર 193 એકમોની તપાસ કરવામાં આવી હતી. આજે ખોરાક અને ઔષધ નિયમન તંત્ર સાથે બેઠક યોજ્યા બાદ આરોગ્ય મંત્રી પ્રફુલ પાનસેરિયાએ જણાવ્યું હતું કે, આ તપાસ દરમિયાન અંદાજિત એક લાખ 83 હજાર 240 રૂપિયાનાં મૂલ્યનો આશરે એક હજાર 18 કિલોગ્રામ શંકાસ્પદ પનીર/એનાલોગનો જથ્થો જપ્ત કરી, સ્થળ પર જ નાશ કરવામાં આવ્યો હતો.

આ અંગે 270 એકમોને તંત્ર નોટિસ પાઠવવામાં આવી છે અને 118 શંકાસ્પદ નમૂના લેબોરેટરીમાં ચકાસણી અર્થે મોકલાયા છે.

રાજ્યની મ્યુનિસિપલ કોર્પોરેશનો દ્વારા પણ નિયમોનું ઉલ્લંઘન કરનાર પેઢીઓ પાસેથી કુલ. 2 લાખ 84 હજાર 300 રૂપિયાનો દંડ વસૂલવામાં આવ્યો છે.

# ARAVALLI CHILD PROTECTION

અરવલ્લી જિલ્લા બાળ સુરક્ષા એકમે દસ જેટલા બાળલગ્નોને અટકાવ્યા છે. લગ્ન સિઝન શરૂ થતા અરવલ્લી જિલ્લા બાળ સુરક્ષા એકમ દ્વારા બાળ લગ્ન અટકાવવા માટે વિશેષ ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. આ અંગે અરવલ્લી જિલ્લા બાળ સુરક્ષા અધકારી દીલીપસિંહ બિહાલાએ વધુ માહિતી આપીઃ

(BYTE : **DILIPSINH BIHOLA**)

# SENSATION PROCESS BY BJP

ગુજરાતમાં વર્ષ 2026ની સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીના વિજય બાદ, મહાનગરપાલિકાઓમાં મેયર, ડેપ્યુટી મેયર અને સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન જેવા પદ માટે નામ નક્કી કરવા માટે પાર્ટી દ્વારા મહત્વની બેઠક યોજાશે.

ભાજપના પાર્લામેન્ટરી બોર્ડની બેઠક છઠ્ઠી, સાતમી અને આઠમી મેના રોજ મુખ્યમંત્રી નિવાસસ્થાન ખાતે યોજાશે, જેમાં 15 મહાનગરપાલિકાના મહત્વના હોદ્દેદારોના નામ પર ચર્ચા કરવામાં આવશે. આ ઉપરાંત, જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને નગરપાલિકાના પ્રમુખ, ઉપપ્રમુખ તથા કારોબારી સમિતિના ચેરમેનના નામોને લઈને પણ ચર્ચા થશે. પ્રદેશના નિરીક્ષકોની ટીમો દ્વારા સેન્સ પ્રક્રિયા અંતર્ગત, વિવિધ પદ માટે યોગ્ય ઉમેદવારોના નામ એકત્રિત કરીને ચર્ચા માટે રજૂ કરવામાં આવશે.પ્રાથમિક માહિતી અનુસાર, 10 મે પહેલા તમામ જગ્યાએ હોદ્દેદારો પોતાનો ચાર્જ સંભાળી લેશે તેવી તૈયારીઓ ચાલી રહી છે.

# DIGITAL LIVING CERTIFICATE

નિવૃત પેન્શન ધારકોએ દર વર્ષે કરાવવી પડતી હયાતી ચકાસણી જીવન પ્રમાણપત્ર માટે હવે બેન્ક ટ્રેઝરી કે સરકારી કચેરીઓમાં ધક્કા ખાવા નહી પડે.સરકાર અને ઇન્ડિયા પોસ્ટ પેમેન્ટ બેન્ક વચ્ચે કરાર મુજબ 1 લી મે થી 31 મી જુલાઈ દરમિયાન પોસ્ટમેન અને ગ્રામીણ ડાક સેવકો ઘરે બેઠા જ નિઃશુલ્ક ડિજીટલ જીવન પ્રમાણપત્ર બનાવી આપશે. ઉત્તર ગુજરાત પરિક્ષેત્રના પોસ્ટમાસ્તર જનરલ કૃષ્ણકુમાર યાદવ અને નાણાં સચિવ સદીપકુમાર ની ઉપસ્થિતમાં આ અંગે સમજૂતી કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.

# UNORGANISED WORKERS HEIR ASSISTANCE

ગુજરાત સરકાર દ્વારા અસંગઠિત ક્ષેત્રના શ્રમયોગીઓ એટલે કે બાંધકામ શ્રમયોગીઓ તથા અનુસૂચિત જાતિ સિવાયના શ્રમયોગીના મૃત્યુના દુ:ખદ સમયે તેમના પરિવારને અંત્યેષ્ઠિ ક્રિયા માટે આર્થિક સહાયરૂપે 'મરણોત્તર ક્રિયા-અંત્યેષ્ઠિ સહાય યોજના' વર્ષ 2011થી શરૂ કરવામાં આવી છે. જે અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા ૨૦૨૫-૨૬માં સૌથી વધુ 7 હજાર 145 વારસદારોને કુલ 7.14 કરોડ રૂપિયાથી વધુની સહાય આપવામાં આવી છે. આમ, આ યોજના અંતર્ગત છેલ્લા 10 વર્ષમાં કુલ 26 હજાર 657 વારસદારોને 13 કરોડ 73 લાખ રૂપિયાથી વધુની સહાય આપીને શ્રમયોગીઓના પરિવારની દુ:ખદ ઘડીએ સરકાર તેમની પડખે ઊભી રહી છે.

આ યોજનાનો લાભ લેવા માટે અરજદાર યોજનાનું ફોર્મ અને ઠરાવની નકલ ગુજરાત ગ્રામ શ્રમયોગી કલ્યાણ બોર્ડની વેબસાઈટ https://grwwb.gujarat.gov.in/ પરથી ડાઉનલોડ કરી શકશે.

પાત્રતા ધરાવતા અસંગઠિત શ્રમયોગીના વારસદારે શ્રમયોગીના અવસાનની તારીખથી ત્રણ માસની સમય મર્યાદામાં જરૂરી બિડાણો સાથે 'પરિશિષ્ટ-1' મુજબના નિયત નમૂનામાં અરજી કરવાની રહેશે.